# વડોદરા મહાનગરપાલિકા

## તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારે ભરવા અંગેની જાહેરાત

## (જાહેરાત ક્રમાંકઃ ૩૯૨/૨૦૨૬–૨૭)

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | લાયકાત | ઉચ્ચક માસિક વેતન |
|---|---|---|---|---|
| ૦૧ | અર્બન પ્લાનર | ૦૫ | 1. Bachelor degree in Architecture/ Civil Engineering/ Urban Planning from UGC recognized university **AND** Master's degree in City Planning/ Town Planning/ Regional Planning/ Traffic and Transportation Planning/ Urban Planning/ Infrastructure Planning/ Industrial Planning/ Environmental Planning.<br>2. **Experience :-** 03 years of experience relevant to the position.<br>3. Age :- Not more than 45 years. | ૬૦,૦૦૦/– |
| ૦૨ | આર્કિયોલોજી અને મ્યુઝિયોલોજી ઓફીસર | ૦૧ | 1. Post-graduate degree in Archaeology or Museology<br>2. **Experience :-** 10 years experience in heritage documentation, monument conservation, museum management, heritage research, tourism development and government/semi-government heritage projects.<br>3. Age :- Not more than 45 years. | ૫૦,૦૦૦/– |
| ૦૩ | ડે. એન્વાયરમેન્ટલ એન્જીનીયર | ૦૪ | 1. Bachelor Degree in the Environmental Engineering<br>2. **Experience :-** 02 years experience in different aspects of Environmental Management and Pollution Control<br>3. Age : Not more than 45 years. | ૪૩,૭૫૦/– |
| ૦૪ | જી.આઈ.એસ. ઓપરેટર/ Expert | ૦૧ | 1. Bachelor degree in Geography/Geoinformatics/ Urban Planning.<br>2. **Experience :-** 01 year of experience relevant to the position.<br>3. Age :- Not more than 45 years. | ૩૫,૦૦૦/– |
| ૦૫ | આસીસ્ટન્ટ એન્વાયરમેન્ટલ એન્જીનીયર | ૧૯ | 1. Bachelor Degree in the Environmental Engineering.<br>2. Age : Not more than 45 years. | ૩૧,૨૫૦/– |
| ૦૬ | ગાર્ડન સુપરવાઇઝર | ૧૯ | 1. B. Sc. Horticulture<br>2. **Experience :-** 02 years experience in the field of Horticulture.<br>3. Age: Not more than 45 years. | ૩૦,૦૦૦/– |
| ૦૭ | સીની. લાઇબ્રેરીયન | ૦૧ | 1. Bachelor degree in Library Science Or Library and Information Science<br>2. **Experience:-** 02 years experience in a Library under Central/ State Gov./ Autonomous or Statutory organization/ PSU/ University or Recognized Research or Education Institution.<br>3. Age :- Not more than 45 years. | ૨૫,૦૦૦/– |
| ૦૮ | જુની. લાઇબ્રેરીયન | ૧૯ | 1. Bachelor degree in Library Science Or Library and Information Science<br>2. Age :- Not more than 45 years. | ૨૦,૦૦૦/– |
| ૦૯ | આસી. ગાર્ડન સુપરવાઇઝર | ૩૮ | 1. Diploma in Horticulture<br>2. **Experience :-** 02 years experience in the field of Horticulture.<br>3. Age Not more than 45 years. | ૨૦,૦૦૦/– |
| ૧૦ | વર્ક આસીસ્ટન્ટ (સિવિલ) | ૧૩ | 1. Diploma in Civil Engineering<br>2. Age :- Not more than 45 years. | ૨૦,૦૦૦/– |
| ૧૧ | વર્ક આસીસ્ટન્ટ (મિકેનિકલ) | ૩૦ | 1. Diploma in Mechanical Engineering<br>2. Age :- Not more than 45 years. | ૨૦,૦૦૦/– |
| ૧૨ | વર્ક આસીસ્ટન્ટ (ઇલે.) | ૨૨ | 1. Diploma in Electrical Engineering<br>2. Age :- Not more than 45 years. | ૨૦,૦૦૦/– |
| ૧૩ | વર્ક આસીસ્ટન્ટ (ઇલે.– મિકે) | ૦૩ | 1. Diploma in Electrical Engineering or Diploma in Mechanical Engineering<br>2. Age :- Not more than 45 years. | ૨૦,૦૦૦/– |
| ૧૪ | ડ્રાફ્ટ્સમેન (ઓટોકેડ) | ૦૫ | 1. 02 years Certificate in civil Draftsman (ITI).<br>2. **Experience :-** 01 year of experience in AutoCAD.<br>3. Age :- Not more than 45 years. | ૨૦,૦૦૦/– |
| ૧૫ | સર્વેયર | ૧૦ | 1. A certificate of Surveyor course (ITI).<br>2. **Experience :-** 02 years of experience relevant to the position.<br>3. Age :- Not more than 45 years. | ૨૦,૦૦૦/– |

## જાહેરાતની સામાન્ય જોગવાઇઓ

## (જાહેરાત ક્રમાંકઃ ૩૯૨/૨૦૨૬-૨૭)

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૧૧-૦૯-૨૦૨૬ (૧૩-૦૦ કલાક) થી તા.૨૫-૦૯-૨૦૨૬ (૨૩-૫૯ કલાક) સુધીમાં **www.vmc.gov.in** વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા માહિતી તેમજ સુચનાઓ **www.vmc.gov.in** ઉપરથી વાંચી લેવાની રહેશે. રૂબરૂ કે અન્ય કોઇ માધ્યમથી અરજી સ્વીકારવામાં આવશે નહીં.
3. ઉપરોક્ત તમામ સંવર્ગો માટે ઓનલાઇન અરજી કરનાર ઉમેદવારો માટે અરજી ફી ભરવાની રહેશે નહીં.
4. સદરહું ભરતી તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારીત રહેશે.
5. માસિક ઉચ્ચક વેતન સિવાય અન્ય કોઇ પણ ભથ્થાં મળશે નહીં.
6. **ઉંમર, શૈક્ષણિક લાયકાત તથા અનુભવ ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.**
7. ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.
8. અરજીપત્રકમાં સાચી ટકાવારી અચુકપણે દર્શાવવાની રહેશે. જો માર્કશીટ/પ્રમાણપત્રમાં ગ્રેડ કે સી.જી.પી.એ. દર્શાવેલ હોય તો તેનું ટકાવારીમાં રૂપાંતર કરી ફક્ત ટકાવારી દર્શાવવાની રહેશે. ખોટી ટકાવારી દર્શાવનાર ઉમેદવારનું અરજીપત્રક રદ કરવાને પાત્ર થશે.
9. માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ કે સી.જી.પી.એ. દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સિટીનું કન્વર્ઝન કોષ્ટક જરૂરિયાત અનુસાર ડોક્યુમેન્ટ વેરીફીકેશન વખતે રજુ કરવાનું રહેશે.
10. ઉમેદવારે ઓનલાઇન અરજીફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે. જે ઉપર ભવિષ્યમાં સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબર લખેલ ન હોય/બંધ હોય કે અન્ય કારણોસર ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે વડોદરા મહાનગરપાલિકાની કોઇ જવાબદારી રહેશે નહિ.
11. **અનામતઃ** અનામત જગ્યાઓ ફકત મુળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે. ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પ.વ અને આર્થિક નબળા વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
12. સદરહું જાહેરાત માટેના રોસ્ટરક્રમ સરકારશ્રીના ધોરણો અનુસાર જાળવવામાં આવશે.
13. **શારીરિક અશકતતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારો માટેઃ**

    શારીરિક રીતે અશક્ત ઉમેદવારો માટેની અનામત સરકારશ્રીના ઠરાવેલ ધારાધોરણ તેમજ વડોદરા મહાનગરપાલિકા દ્વારા ઠરાવેલ ધારાધોરણ મુજબ જાળવવામાં આવશે.
14. **માજી સૈનિક ઉમેદવારો માટેઃ**
    1. ઉમેદવાર પોતે જ માજી સૈનિક હોવા જોઇએ. માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં માજી સૈનિક તરીકે ફરજ બજાવ્યાના સમયગાળાની વિગતો આપવાની રહેશે. માજી સૈનિક ઉમેદવારે નિયત નમુના મુજબનું અધિકૃત અધિકારીની સહીવાળું, સશસ્ત્રદળોમાં ઉમેદવારના નોકરીના સમયગાળા દર્શાવતું પ્રમાણપત્ર માંગણી થયેથી રજુ કરવાનું રહેશે. જો ઉમેદવારે તેની ઓનલાઇન અરજીમાં માજી સૈનિક કેટેગરીમાં કલીક કરેલ હોય અને ભવિષ્યમાં માંગણી કરાય ત્યારે જો ઉમેદવાર માજી સૈનિક તરીકેના અધિકૃત આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં ઉમેદવારનો માજી સૈનિક તરીકે

નોકરી મેળવવા અંગેનો હકક દાવો ધ્યાને લેવામાં આવશે નહીં અને માજી સૈનિક માટે ઠરાવેલ મેરીટ અન્વયે પસંદગી થયેલ હશે તો પસંદગી/નિમણૂક રદ કરવામાં આવશે.

2. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી (**GENERAL/ EWS/SC/ST/SEBC)** સામે સરભર કરવામાં આવશે.
3. માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.
4. ઉમેદવારે પોતે સૈનિક તરીકે સળંગ છ માસથી ઓછી નહીં તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની હાલની ઉંમરમાંથી બાદ કરતાં મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઇશે નહીં. પરંતુ કોઇપણ સંજોગોમાં માજી સૈનિકની ઉંમર ૪૫ વર્ષ કરતાં વધવી જોઇએ નહીં.

15. **વયમર્યાદામાં છુટછાટઃ**

તમામ જગ્યાઓ માટે મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ રાખવામાં આવેલ છે. જેથી અનામત વર્ગના ઉમેદવારો માટે ઉપલી વયમર્યાદામાં વધુ કોઇ છુટછાટ મળવાપાત્ર રહેશે નહીં.

16. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ “ઉન્નત વર્ગમાં” નહિ થતો હોય તો જ મળવાપાત્ર થશે.

17. જે જગ્યાઓ **SEBC** (સા.શૈ.પ.વ.) ના ઉમેદવારો માટે અનામત છે. તેવા **SEBC** (સા.શૈ.પ.વ.) ના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે (પરિશિષ્ટ–૪ મુજબ ગુજરાતી નમુનામાં) કઢાવેલ નોન–ક્રિમિલેયર સર્ટીફિકેટ તા.૦૧–૦૪–૨૦૨૪ થી અરજી કરવાની છેલ્લી તા.૨૫–૦૯–૨૦૨૬ દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં અનામત જગ્યા ઉપર પસંદગીનો લાભ મળવાપાત્ર રહેશે નહી.

18. તમામ જગ્યાઓમાં આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**) ની કેટેગરીના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે. તેવા આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**) માટે પાત્રતા પ્રમાણપત્ર તા.૨૬–૦૯–૨૦૨૩ થી તા.૨૫–૦૯–૨૦૨૬ સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ સદર કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં અનામત જગ્યા ઉપર પસંદગીનો લાભ મળવાપાત્ર રહેશે નહી.

19. અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ નમુનામાં મેળવેલ હોવું જોઇએ.

20. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

21. ઉમેદવાર/અરજદારને તેમના પોતાના હિતમાં જાહેરાત સંબંધિત અન્ય કોઇ સુચના માટે તેમના દ્વારા નોંધાયેલા ઇ–મેઇલ એકાઉન્ટને તપાસવાની તથા www.vmc.gov.in વેબસાઇટ સતત જોતાં રહેવા સલાહ આપવામાં આવે છે.

22. ઓનલાઇન અરજી કરતી વખતે કોઈ નેટવર્ક સમસ્યા અથવા અન્ય તકનીકી સંબંધિત સમસ્યાઓ માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન જવાબદાર રહેશે નહીં.

23. અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય તેમજ અરજીમાં પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય તે મુજબની અરજી રદ કરવામાં આવશે.

24. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/કરાર કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.

25. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.

26. ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત/ઉંમર વગેરેના સમર્થનમાં રજૂ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબકકે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે. જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઇથી પૂર્ણ રીતે ખરાઇ કર્યા બાદ જ વડોદરા મહાનગરપાલિકામાં રજુ કરવા.

27. સમગ્ર પ્રક્રિયા દરમ્યાન સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

28. ઉક્ત જગ્યાઓ પૈકી (૦૧) વર્ક આસીસ્ટન્ટ (સીવીલ), (૦૨) વર્ક આસીસ્ટન્ટ (મીકે.), (૦૩) વર્ક આસીસ્ટન્ટ ( ઈલે.), (૦૪) વર્ક આસીસ્ટન્ટ (ઈલે–મીકે), (૫) આસીસ્ટન્ટ એન્વાયરમેન્ટ એન્જીનીયર તથા (૦૬) જુની.લાઇબ્રેરીયન ની જગ્યાઓ માટે **ઉમેદવારોને પસંદગી પ્રક્રિયા માટે જાહેરાતમાં માંગવામાં આવેલ શૈક્ષણિક લાયકાતમાં ઉમેદવારે ડીપ્લોમા/ડીગ્રીમાં મેળવેલ માર્કસ/પર્સન્ટેજના અગ્રતાક્રમ પ્રમાણે પસંદગીની યાદી તૈયાર કરવામાં આવશે.**

29. ઉક્ત જગ્યાઓ પૈકી (૦૧) ડ્રાફ્ટ્સમેન (ઓટોકેડ), (૦૨) સર્વેયર, (૦૩) સીની.લાઇબ્રેરીયન, (૦૪) ગાર્ડન સુપરવાઇઝર તથા (૫) આસી. ગાર્ડન સુપરવાઇઝર ની જગ્યાઓ માટે **ઉમેદવારોને પસંદગી પ્રક્રિયા માટે જાહેરાતમાં માંગવામાં આવેલ શૈક્ષણિક લાયકાત તથા અનુભવમાં ઉમેદવારોને પસંદગી પ્રક્રિયા માટે જાહેરાતમાં માંગવામાં આવેલ શૈક્ષણિક લાયકાતમાં ઉમેદવારે આઇ.ટી.આઇ./ ડીપ્લોમા/ડીગ્રીમાં મેળવેલ માર્કસ/પર્સન્ટેજના અગ્રતાક્રમ પ્રમાણે પસંદગીની યાદી તૈયાર કરવામાં આવશે.**

30. ઉક્ત જગ્યાઓ પૈકી (૦૧) અર્બન પ્લાનર, (૦૨) આર્કિયોલોજી અને મ્યુઝિયોલોજી ઓફીસર, (૦૩) જી.આઈ.એસ. ઓપરેટર/Expert તથા (૦૪) ડે. એન્વાયરમેન્ટ એન્જીનીયર ની જગ્યાઓ માટે **ઉમેદવારોને પસંદગી પ્રક્રિયા માટે જાહેરાતમાં માંગવામાં આવેલ શૈક્ષણિક લાયકાત તથા અનુભવમાં ઉમેદવારોને પસંદગી પ્રક્રિયા માટે જાહેરાતમાં માંગવામાં આવેલ શૈક્ષણિક લાયકાતમાં ઉમેદવારે ક્રમાંકઃ ૧ તથા ૨ માં માસ્ટર ડીગ્રી તથા ક્રમાંકઃ ૩ તથા ૪ માં બેચલર ડીગ્રી માં મેળવેલ માર્કસ/પર્સન્ટેજના અગ્રતાક્રમ પ્રમાણે પસંદગી પ્રક્રિયા કરવા માટે ૦૬ ગણા ઉમેદવારોના મૌખિક ઇન્ટરવ્યુ કરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.**

31. જો એક કરતાં વધુ ઉમેદવારોએ એક સરખાં આઇ.ટી.આઇ./ડિપ્લોમાં/ડીગ્રીમાં મેળવેલ માર્કસ/પર્સન્ટેજ મેળવેલ હોય તો તે પૈકી જન્મ તારીખ મુજબ વધુ વય ધરાવતાં ઉમેદવારને મેરીટક્રમમાં અગ્રતાક્રમ આપવામાં આવશે.

32. આ જાહેરાત કોઈ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, વડોદરા ને રહેશે. અને આ માટે કોઈ કારણ આપવા બંધાયેલ રહેશે નહીં.

33. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઈ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

**ડે. મ્યુનિ. કમિશનર(વ)**

**તા. ૧૦–૦૯–૨૦૨૬** **વડોદરા મહાનગરપાલિકા.**